# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed : **Three** Hours* | મહત્તમ ગુણ : **250**<br>*Maximum Marks : **250*** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :**

અહીં બે વિભાગમાં **આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી **એક** પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

***Question nos. 1 and 5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1.** **લગભગ 150 શબ્દોમાં ટિપ્પણી લખો.** ***10×5=50***

(a) ચરોતરી બોલી અને તેના લક્ષણો. *10*

(b) 'ભરતેશ્વર બાહુબલિરાસ'નું કથાનક. *10*

(c) નંદશંકરકૃત નવલકથાનું નામ દર્શાવીને કથાનકનો પરિચય કરાવો. *10*

(d) કાન્તનાં ખંડકાવ્યોની વિષયસામગ્રીનો પરિચય. *10*

(e) આનંદશંકર ધ્રુવની વિવેચના. *10*

**Q2.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) આનંદઘન અને યશોવિજયના સાહિત્યિક મૂલ્યો જણાવો. *20*

(b) ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિનું વૈવિધ્ય. *20*

(c) 'દર્શક' નાં નાટકોનો પરિચય કરાવો. *10*

**Q3.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) રમેશ પારેખ અને વિનોદ જોશીની કવિ તરીકેની વિશેષતાઓ. *20*

(b) ભારતીય આર્યની પ્રાચીન અને મધ્ય ભૂમિકા સમજાવો. *20*

(c) 'મદનમોહના'ની કથાસૃષ્ટિ. *10*

**Q4.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ગુજરાતી ભાષાનાં તત્સમ્, તદ્ભવ, દશ્ય, ફારસી, પોર્ટુગિઝ, અંગ્રેજી, હિન્દી, મરાઠી, કન્નડ અને બંગાળી એમ દશ પ્રકારના શબ્દભંડોળનો ક્રમ પ્રમાણે ઉદાહરણ સહિત પરિચય કરાવો. *20*

(b) નરસિંહના પદો અને અખાના છપ્પાની સમીક્ષા કરો. *20*

(c) મણિલાલ નભુભાઈ દ્વિવેદીના આત્મવૃત્તાંતનો પરિચય. *10*

## SECTION B

**Q5.** **લગભગ 150 શબ્દોમાં ટિપ્પણી લખો.** *10×5=50*

(a) આખ્યાનકાર ભાલણનો પરિચય. *10*

(b) ગુજરાતી ગઝલનાં મહત્ત્વનાં પાંચ સ્થિત્યંતરોનો પરિચય કરાવો. *10*

(c) રાધેશ્યામ શર્માની નવલકથાકળાશક્તિ ચર્ચો. *10*

(d) સૈદ્ધાંતિક વિવેચનક્ષેત્રે શ્રી સુમનશાહનું પ્રદાન. *10*

(e) ભોળાભાઈ પટેલના નિબંધવિશ્વનો પરિચય. *10*

**Q6.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ડાયસ્પોરા સાહિત્યક્ષેત્રે પ્રીતિસેનગુપ્તા અને અદમટંકારવીનું પ્રદાન જણાવો. *20*

(b) મધ્યકાલીન ગુજરાતી રાસ સાહિત્યનો આરંભ અને વિકાસ. *20*

(c) અસાઈતના પ્રદાનનો પરિચય કરાવો. *10*

**Q7.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) રવિસાહેબ, દાસીજીવણ અને બ્રહ્માનંદનું પદ સાહિત્ય. *20*

(b) શાંતિભાઈ આચાર્ય અને રેવાબહેન શંકરભાઈ તડવીના જનજાતીય લોકસાહિત્ય ક્ષેત્રની સાહિત્યસેવાનો પરિચય કરાવો. *20*

(c) 'માધવાનંદ કામકંદલા'નો પરિચય કરાવો. *10*

**Q8.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ચં.ચી. મહેતા અને મધુરાયનું નાટ્યક્ષેત્રે પ્રદાન. *20*

(b) ધીરુબહેન પટેલ, વર્ષાઅડાલજા, હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિનો પરિચય. *20*

(c) બળવંત જાનીનાં કંઠસ્થપરંપરાના લોકસાહિત્ય ક્ષેત્રના સંશોધનોનો પરિચય કરાવો. *10*